**DATE: 20/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

ભાસ્કર વિશેષ | ભરૂચમાં પોલીસની ઝૂંબેશ પહેલાં માત્ર 2,584 નોંધણી, કાર્યવાહી બાદ 13,163 લોકો પો. સ્ટેશન પહોંચ્યાં

# ભાડુઆતોની નોંધણી કરાવતાં માલિકોની સંખ્યા 2 માસમાં 5 ગણી વધી

કૃણાલ કાંબલે | ભરૂચ

સરકારના નિયમ મુજબ મકાન ભાડે આપનારની તમામ વિગતો મકાન માલિકોએ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની હોય છે. જિલ્લામાં બે મહિના સુધી ઝૂંબેશ ચલાવી 1,350 મકાન માલિકો સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરતાં મકાન માલિકોમાં જાગૃતિ આવી છે. ઝૂંબેશ પહેલાં 2,584 માલિકોએ ભાડુઆતોની વિગતો આપી હતી પણ વીતેલા બે મહીનામાં 13,163 લોકોએ ભાડુઆતોની નોંધણી કરાવતાં 2 માસમાં જ નોંધણીમાં 5 ગણો વધારો નોંધાયો છે.

ભરૂચ જિલ્લો અતિસંવેદનશીલ જિલ્લો ગણાય છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ જિલ્લાભરમાં સ્થાનિક પોલીસને સાથે રાખી ભાડૂઆત નોંધણી નહીં કરનારા મકાન માલિકો સામે કાર્યવાહી કરવાની ઝૂંબેશ હાથ ધરી હતી. ઓક્ટોબર મહિનામાં 11મીથી 19મી તારીખ સુધી 9 દિવસ સુધીમાં જિલ્લાભરમાં 1350 કેસ કર્યાં હતાં. પોલીસની ઝૂંબેશ અને મકાન માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરાયાં બાદ મકાન માલિકોમાં જાગૃતિ આવી હોવાનું ભાડૂઆત નોંધણીના આંકડા પરથી જણાઈ આવ્યું છે. ભરૂચ જિલ્લામાં ઝૂંબેશ પહેલાના બે મહિના એટલે કે ઓગષ્ટ - સપ્ટેમ્બરમાં કુલ 2584 મકાન માલિકોએ ભાડૂઆતોની નોંધણી કરાવી હતી. જેની સામે ઝૂંબેશ બાદ ઓક્ટોબર- નવેમ્બરમાં 13,163 લોકોએ ભાડૂઆતોની નોંધણી કરાવી હતી. બે માસમાં જ નોંધણી કરાવનારાઓની સંખ્યામાં 5 ગણો વધારો નોંધાયો છે.ભાડુઆતોની નોંધણી માટે સમયાંતરે વહીવટીતંત્ર તરફથી જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

## જિલ્લાના મહત્વના પોલીસ સ્ટેશનમાં થયેલી નોંધણીની સંખ્યા

| પો. સ્ટેશન | ઓગષ્ટ | સપ્ટેમ્બર | કુલ | ઓક્ટોબર | નવેમ્બર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ભરૂચ એ ડિવિ | 342 | 379 | 721 | 1356 | 575 | 1931 |
| ભરૂચ બી ડિવિ | 56 | 51 | 107 | 76 | 69 | 145 |
| ભરૂચ સી ડિવિ | 396 | 398 | 794 | 1850 | 676 | 2526 |
| ભરૂચ તાલુકા | 19 | 21 | 40 | 191 | 163 | 354 |
| અંકલે બી ડિવિ | 49 | 46 | 95 | 1106 | 340 | 1446 |
| અંકલે તાલુકા | 24 - | 26 | 50 | 405 | 161 | 566 |
| અંકલે જીઆઈડીસી | 157 | 333 | 490 | 1392 | 752 | 2144 |

## આગામી દિવસોમાં પુનઃ ઝૂંબેશ શરૂ કરવામાં આવશે

ભાડૂઆત નોંધણી કરવી એ આપણા સૌની સુરક્ષા માટે જરૂરી છે. ઘણીવાર આરોપીઓ ભાડૂઆત તરીકે કોઈના ઘરે રહીને જે તે વિસ્તારનો તાગ મેળવતાં હોય છે. અને ગુનાને અંજામ આપીને ફરાર થઈ જતાં હોય છે. બીજી તરફ અન્ય જિલ્લા-રાજ્યમાં ગુનાઓ કરીને જિલ્લામાં આવીને સંતાયા હોય તો પણ તેમને ઝડપી શકાય છે. આગામી દિવસોમાં પણ ઝૂંબેશ હાથ ધરી કાર્યવાહી કરાશે.» એ. એ. ચૌધરી, પીઆઈ, એસઓજી.

**DATE: 20/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ઉભેલા વાહનોની પાછળ અન્ય વાહનો ઘૂસી જતાં અકસ્માતો વધ્યાં

# ભરૂચમાં આડેધડ વાહન પાર્ક કરતાં ચેતી જજો, 68 વાહનચાલકો દંડાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર તથા જિલ્લામાં આડેધડ રીતે પાર્ક કરી દેવાતાં વાહનોના અકસ્માતના બનાવો વધી રહયાં છે. ઉભેલા વાહનોની પાછળ અન્ય વાહનો ઘૂસી જતાં અકસ્માત થઇ રહયાં છે. ગત રોજ આરટીઓ વિભાગ થકી ભરૂચના અલગ અલગ વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી.

જેમાં નો પાર્કિંગમાં પાર્ક કરેલા 49 વાહનો મળ્યા હતા. આ વાહન ધારકોને 43 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સાથે નો પાર્કિંગમાં વાહન નહીં પાર્કિંગ કરવા માટે સલાહ પણ આપવામાં આવી હતી. તેવી જ રીતે જાહેર રસ્તાઓ પર ઉભેલા વાહન ધારકો ને નિયમોનો ભંગ બદલ 19 જેટલા વાહન ચાલકોને 19 હજારનો દંડ કરવામાં આવ્યો હતો. તેમજ રેતી સહિતનો સામાન નું વહન કરી અને તાડ પત્રી નહીં ધરવામાં આવી હોય તેવા વાહનો ઉભા રાખી તાડ પત્રી ઢાંકવામાં આવી હતી. જે વાહન ચાલક પાસે તાડ પત્રી નથી તેવા વાહન ચાલકોને દંડ કરવામાં આવ્યો હતો.

આરટીઓ વિભાગે રાહદારીઓ અને બાઈક ચાલકોને માર્ગ સલામતી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આમ તપાસ દરમિયાન કુલ 68 વાહન ચાલકોને 62 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. રસ્તાની વચ્ચે ઉભા કરી દેવાતાં વાહનોની પાછળ અન્ય વાહન ઘૂસી જતાં અકસ્માતો વધી રહયાં છે. થોડા દિવસ પહેલાં જ હાઈવે પર ઉભેલી ટ્રકની પાછળ લકઝરી બસ ઘૂસી ગઈ હતી.

**DATE: 20/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મકાન નંબર-90માં શંકાસ્પદ ગતિવિધિની એલસીબીને બાતમી મળી હતી

# ભરૂચની ખુશ્બુપાર્કમાંથી 2 હજાર કિલો તાંબાના વાયર સાથે 3ની ધરપકડ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીએ પશ્ચિમ વિસ્તારમાં આવેલી ખુશ્બુ પાર્ક સોસાયટીના મકાન નંબર-90માં દરોડો પાડી 2 હજાર કિલો તાંબાના વાયર સાથે 3 જણની ધરપકડ કરી છે જ્યારે એકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. મકાનમાંથી વાયરો અને વાયર કાપવાના મશીન સહિત 22 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે.

ભરૂચની ખુશ્બુ પાર્ક સોસાયટીના મકાન નંબર-90માં શંકાસ્પદ હિલચાલ થતી હોવાની બાતમી એલસીબીને મળી હતી. પીએસઆઈ તુવર તથા તેમની ટીમે મકાનને કોર્ડન કરી દરોડો પાડયો હતો જેમાંથી મકાનમાંથી 2 હજાર કિલોથી વધારે તાંબાના વાયરો મળી આવ્યાં હતાં. મકાનમાં હાજર ઈરફાન પઠાણ ( રહે. ભરૂચ), રાજમન મોર્ય ( રહે. અંકલેશ્વર) તથા રોહિત પ્રજાપતિ ( રહે. અંકલેશ્વર)નાઓની પૂછપરછ કરવામાં આવતાં તેઓ વાયરના જથ્થા અંગે યોગ્ય જવાબ આપી શક્યાં ન હતાં જેથી આ વાયરો ચોરીના હોવાનું માની ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી.આ ગુનામાં ભરૂચની આમીના પાર્કમાં રહેતાં મોહંમદ અયાઝની પણ સંડોવણી બહાર આવતાં તેને ફરાર જાહેર કરાયો છે. ત્રણેયે મોહંમદ વાયરનો જથ્થો ખુશ્બુ પાર્ક સોસાયટીમાં રાત્રિના સમયે તુટક - તુટક રીતે મુકાવતો હોવાની કબૂલાત કરી હતી. અને વાયરનો જથ્થો રાખવા માટે મકાન માલિકને દર મહિને પૈસા પણ આપતો હોવાની વિગતો સામે આવી છે. વિવિધ સ્થળોએથી કોપરના વાયરોની ચોરી કરી તેને ખુશ્બુ પાર્કમાં રહેતાં ઈરફાન પઠાણના મકાનમાં રાખવામાં આવતો હતો. હાલ તો પોલીસે મુખ્ય આરોપી મોહંમદની શોધખોળ હાથ ધરી છે.સ્થળ પરથી વાયરો અને કટર મળી 22 લાખ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે.

**DATE: 20/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના સૂકવણા ગામે

# લાશને વગે કરવામાં સંડોવાયેલા બે આરોપીઓને દબોચી લેવાયા

## પાકને બચાવવા લગાવેલા વીજ કરંટમાં મોતને ભેટ્યો હતો

। ભરૂચ ।

ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના સુકવણા ગામે મૃતદેહને વગે કરવામાં સંડોવાયેલા બે આરોપી દબોચી લેવાયા છે. પાકને બચાવવા લગાવેલા વીજ કરંટમાં યુવાન મોતને ભેટ્યો હતો.

નેત્રંગ ખાતે રહેતા સંદીપ વસાવા સુકવણાની સીમમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. તેનું મોત કરંટથી થયું હોવાનું રિપોર્ટમાં  જાહેર થયું હતું. બીજી તરફ LCB પીઆઈ એમ.પી.વાળાની તપાસ દરમીયાન ટેકનીકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સથી માહિતી મળતાં સંદીપ વસાવાની લાશને સગેવગે કરવામાં દોલતપુર ગામની સીમમાં ખેતરમાં રહેતો દેવેન્દ્ર શામજીભાઈ ક્યાડા સંડોવાયેલો છે. જે હાલમાં ખેતરમાં તેના ઘરે હાજર છે. જેથી પોલીસે દેવેન્દ્ર વસાવા તથા ગંભીર બુધીયા વસાવાનાઓને ઝડપી પાડયા હતાં.  બંને આરોપીઓને પોલીસ મથકે લાવી પૂછપરછ કરતા તે ભાંગી પડેલા હતા.



ચુવાનની લાશ વગે કરતા બે આરોપી ઝડપાયા હતા.

જેમાં કબૂલાત કરી હતી કે,દોલતપુર ગામની સીમમાં મારા ખેતરમાં લોખંડનો સેન્ટીંગ વાયર બાંધી તેમા હાઈ વોલ્ટેજ વીજ પ્રવાહ આપ્યો હતો.જ્યારે બીજા દિવસે એક ઈસમ મૃત હાલતમાં પડેલો હોઈ તેઓએ લાશનેસુકવાણા ગામની સીમમાં નાખી દીધી હતી. જેથી આ મામલે બંને આરોપીઓની પોલીસે ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 21/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# ત્રણ મહિનાથી ફરાર વાગરા પોલીસ સ્ટે.નો પ્રોહિબીશનનો આરોપી અંકલેશ્વરથી ઝડપાયો

ભરૂચઃ ભરૂચ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતા ફરતા આરોપી ઈન્દ્રીશ ઉર્ફે મામુ ઉર્ફે ભૈયો મનુખા શેખની ધરપકડ કરી છે. ભરૂચ એલસીબી ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, વાગરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશન એક્ટની વિવિધ્ કલમો હેઠળનો આરોપી ઈન્દ્રીશ ઉર્ફે મામુ ઉર્ફે ભૈયો મનુખા શેખ (ઉ.વ.50 રહે. પ્રતિષ્ઠા સોસાયટી, નવજીવન હોટલની પાસે, અંક્લેશ્વર) પ્રતિષ્ઠા સોસાયટીની બહાર ઉભેલો છે. જેથી એલસીબી ટીમે ઈન્દ્રીશને પ્રતિષ્ઠા સોસાયટી પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપીને વધુ તપાસ માટે અંક્લેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનને સોંપી તેની જાણ વાગરા પોલીસ સ્ટેશનને કરાઈ હતી.

**DATE: 21/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સરનામાના બદલે શાળાનું નામ કહેતાં પોલીસે પત્તો મેળવ્યો

# અંકલેશ્વર શહેરમાં ઘરથી ભૂલા પડેલા બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું

**ભાસ્કર ન્યૂઝ |અંકલેશ્વર જીઆઇડીસી**

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગુમ થયેલા બાળકનો પરિવાર સાથે મેળાપ કરાવી આપ્યો હતો. 18 મી ના રોજ રાત્રીના 9 વાગ્યા બેઈલ કંપની જાગૃત નાગરિક ને મળી આવતા પોલીસ નેજાણ કરી હતી. બાળકમાત્ર શાળા થી જ પોતાનું ઘર બતાવીશકતા પોલીસે તેને શાળાએલઈ જઈ તાલુકા પોલીસને સાથે રાખી તેના ઘર નું સરનામું શોધી પરિવાર સાથે મેળાપ કરાવી આપ્યો હતો.અંકલેશ્વર જીઆઈડીસી માં આવેલ બેલ કંપની પાસે રાત્રીના એક 10 વર્ષીય બાળક પોતાનું ઘર ભૂલી ને પહોંચી ગયો હતો જે અંગે જાગૃત નાગરિકે જીઆઈડીસી પોલીસ મથકે જાણ કરતા પોલીસ સ્થળ પર દોડી આવી હતી. બાળક ની વિશ્વાસમાં લઈ તેના ઘર નું સરનામું પૂછવાનાપ્રયત્ન કર્યો હતો. જો કે બાળક સરનામાના બદલે શાળા નું નામ અને માતા પિતા નું નામ જ જણાવતો હતો. જે જાણ થતા પોલીસે રાત્રિનાઅંકલેશ્વર તાલુકા પોલીસ સાથે સંકલન કરી બાળક નેતેની શાળા ખાતે લઈ ગયા હતા ત્યાંથીબાળકેપોતાના ઘર સુધી લઈ ગયો હતો પોલીસે તેની ખાતરી કરી અંતે બીજા દિવસે સવારે પરિવાર સાથે સુખદ મેળાપ કરાવી આપ્યો હતો.

**DATE: 22/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ડ્રાઇવરની ધરપકડ, ઝઘડિયાથી લાવ્યોની કબૂલાત

# સારંગપુર પાસે 3.73 લાખનો ભંગાર ભરેલો ટેમ્પો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસઓજી પોલીસે અંકલેશ્વર-ઝઘડિયા માર્ગ પર મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. સારંગપુર પાટીયા પાસેથી શંકાસ્પદ હાલતમાં લઈ જવાતો 5,780 કિલો એસ.એસ. સ્ટીલ નો ભંગાર ઝડપી પાડ્યો છે. પોલીસે આ કેસમાં ટેમ્પો સહિત કુલ 3.73 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસને મળેલી બાતમીના આધારે ઝઘડિયા જી.આઈ.ડી.સી.થી અંકલેશ્વર ના કાપોદ્રા રોડ તરફ જતા એક શંકાસ્પદ ટેમ્પાને રોકવામાં આવ્યો હતો. ટેમ્પામાંથી મોટી માત્રામાં એસ.એસ. સ્ટીલ ના ભંગાર મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પો ચાલક મોહમંદ વસીમ મોહમંદ ઈસા ખાનની ધરપકડ કરી છે, જે ભડકોદ્રા ગામની ગ્રીન વેલી રો-હાઉસમાં રહે છે.

પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, આ ભંગાર ઝઘડિયા જીઆઈડીસીની ન્યુબર્ગ એન્જીનીયરીંગમાંથી લાવવામાં આવ્યો હતો. નોબલ માર્કેટમાં સ્ક્રેપનું ગોડાઉન ધરાવતા ઈસરાર ઉર્ફે સોનુએ આ ભંગાર ભરાવ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 22/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એકની ધરપકડ, બે જણાને વોન્ટેડ જાહેર કરાયાં

# ભરૂચ શહેરમાં બે સ્થળેથી 1.31 લાખના દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચમાં પોલીસે બે અલગ અલગ સ્થળેથી કુલ 1.31 લાખનો દારૂ સહીત 3.31 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે એક બુટલેગરને ઝડપી પાડ્યો હતો. જ્યારે બેને વોન્ટેડ જાહેર કર્યાં હતાં.

ભરૂચ શહેરના આચારવાડની ખડકી વિસ્તારમાં રહેતાં ભાવીન ઉર્ફે ગનીએ મારૂતિ રિટ્સ કારમાં વિદેશીદારૂનો જથ્થો ભરીને હાજીખાના સોની ફળિયામાં આવેલાં જલારામ મસ્જીદ પાસે મુક્યો છે. જેથી ટીમે સ્થળ પર પહોંચતાં કાર મળી આવી હતી. કાર ખુલ્લી જ હોઈ તપાસ કરતાં તેમાં કુલ 87 હજારનો વિદેશીદારૂ મળી આવતાં કાર સહિત કુલ 2.87 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ભાવીનને વોન્ટેડ જાહેર કર્યો હતો. બીજા કેસમાં ભરૂચના સિટી સેન્ટરની સામે પાલિકાની પડતર પડી રહેલાં શોપિંગની દુકાનોની પાછળ એક શખ્સ ઝાડીઓમાં દારૂ સંતાડી વેપલો કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી 44 હજારના દારૂ સાથે મનોજ ઉર્ફે ગોગો ચંદુ રાઠોડ (રહે.મોગલપુરા) ઝડપાઈ ગયો હતો.

**DATE: 23/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ટેમ્પો વડોદરાથી ભરૂચ તરફ જતો હતો

# આઈસર ટેમ્પોમાં કતલખાને લઈ જવાતાં 16 પશુઓને બચાવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વડોદરાના કરજણ ખાતે રહેતાં અને ગૌરક્ષક તરીકે કામ કરતાં હિતેશ અગ્રવાલને માહિતી સાંપડી હતી કે, દિલ્હી મુંબઈ નેશનલ એક્સપ્રેસ પર એક આઈશરમાં કેટલીંક ભેંસો ભરીને વડોદરાથી ભરૂત તરફ કતલ કરવાના ઈરાદે લઈ જવાના છે. જેથી તેમણે બાતમીના આારે અન્ય સાથીઓ સાથે દિલ્હી-મુંબઈ નેશનલ એક્સપ્રેસ પર ભરૂચ તરફ ઉતરવાના ટો પાસે વોચ ગોઠવી હતી. અરસામાં બાતમી મુજબની આઈશર આવતાં તેને રોકતાં ડ્રાઈવરનું નામ હનીફ યુસુફ વોરા (રહે. દેત્રાલ) અને ક્લિનરનું નામ આસીફ શરીફમીયા મલેક(રેહ. ગોકુળનગર, ભરૂચ) હોવાનું માલુમ પડયું હતું. તેમણે ટેમ્પોમાં જોતાં કુલ 16 ભેંસને ક્રૂરતાપુર્વક અને ખીચોખીચ બાંધેલી જણાઈ હતી. જેથી તેમણે તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસે સ્થળ પર આવી બન્ને વિરૂદ્ધ પશુક્રૂરતા અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે આરોપી સામે ઝઘડિયા પોલીસે તપાસ આદરી

# અવિધા ગામે શેરડીના ખેતરમાં સંતાડેલો દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીકના અવિધા ગામે સીમમાં સંતાડી રાખેલો વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડયો છે. બે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજપારડી વિસ્તારમાં દારૂ તથા જુગારની બદી રોકવા માટે પીઆઇ એચ.બી.ગોહિલના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન અવિધા ગામમાં બુટલેગરે શેરડીના ખેતરમાં દારૂની બોટલો સંતાડી હોવાની બાતમી મળી હતી. પોલીસે દરોડો પાડતાં એક ઈસમ પાસેથી પાંચ થેલામાં ભરેલો 30 હજાર રૂપિયાનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. સ્થળ પરથી સુરેશ વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. તેની પૂછપરછ દરમિયાન દારૂનો જથ્થો તેને લીમોદરાનો સંજય વસાવા આપી ગયો હોવાની કબુલાત કરી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઝઘડિયા તાલુકામાં વધી રહેલી દારૂની બદીના કારણે ખાસ કરીને મહિલાઓમાં રોષ જોવા મળી રહયો છે.

**DATE: 23/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

ભાસ્કર વિશેષ | ભરૂચની કલેક્ટર કચેરીથી પ્રારંભ : વિવિધ વિભાગના 60 કર્મીઓ જોડાયાં

# ટ્રાફિકના નિયમો અંગેની 2.5 કિમીની બાઇક રેલી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ ખાતે જાન્યુઆરી માસમાં ઉજવાતા નેશનલ રોડ સેફ્ટી મંથની ઉજવણીના ભાગરૂપે ભરૂચમાં જનજાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું.

ભરૂચ પોલીસ અને પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી થકી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી કલેક્ટર કચેરી થી નીકળી હતી. જેને પ્રાંત અધિકારી એન.આર.ધાંધલે લીલી ઝંડી બતાવીને રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. બાઈક રેલી સિવિલ હોસ્પિટલ રોડ, પાચબત્તી અને શક્તિનાથ થઈને કલેક્ટર કચેરી ખાતે પરત ફરી હતી. રેલીમાં ટ્રાફિક બ્રિગેડના જવાનો અને કર્મચારીઓએ પોસ્ટર સાથે ભાગ લીધો હતો. અને ટ્રાફિકના નિયમો અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. આમ આરટીઓ ટ્રાફિક વિભાગ સહિત એનજીઓના 60 થી વધુ કર્મચારીઓ જોડાયા હતા. ત્યારે 30 જેટલી બાઈક ચાલકોએ રેલીમાં ભાગ લીધો હતો. આ માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે લોકોને ટ્રાફિકના નિયમોનું લોકો પાલન કરે તે માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. જેથી રોડ અકસ્માત ની ઘટના ઓછી બને તેમજ અકસ્માતમાં મૃત્યુ થવાના કિસ્સા પણ ઓછા થાય તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે તમામ વાહન ચલાવતા લોકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે જરૂરી બન્યું છે.



ભરૂચ ખાતે ટ્રાફિક નિયમન માટે 2.5 કિમી રેલીનું આયોજન કરવામાં આવ્યું

## નાગરિકોએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવું જોઈએ

આજે ટ્રાફિક અવેરનેસ રેલી યોજવામાં આવી હતી જેનો મુખ્ય ઉદ્દેશ છે કે નાગરિકોએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવું જોઈએ, ઘણીવાર વાહન ચાલકો ગમેતા વાહન પાર્ક કરી જતા રહેતા હોય છે. હાઈવે પર વાહન બગડી જાય છે, ત્યારે કોઈપણ સિગ્નલ વગર મૂકીને જતા રહે છે. હેલ્મેટ નથી પહેરતા સીટબેલ્ટ નથી લગાવતા જેના કારણે અકસ્માત થાય છે. » બી.એલ.મહેરિયા, પી.આઈ. ભરૂચ ટ્રાફિક પોલીસ

**DATE: 23/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમિયાનની ઘટના

# બોઈદરામાંથી 1.84 લાખની પ્લેટોની ચોરીમાં 4 ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના બોઈદરા ગામની સીમમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં બ્રિજ પ્લેટની થયેલ ચોરીમાં ચાર ઈસમો ઝડપી પાડ્યા હતાં. બોઈદરા ગામ નજીક બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ની ચાલી રહેલી કામગીરી દરમિયાન 17 મીના રોજ જીટી મશીન ચલાવવા માટેની 44 નંગ બ્રિજ પ્લેટોની ચોરી થઈ હતી. રૂપિયા 1.84 લાખ ની પ્લેટોની ચોરી ની ફરિયાદ પ્રોજેક્ટ મેનેજરે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. આ ચોરીમાં પોલીસે સરફુદ્દીન ગામના અરુણ વસાવા ,સંદીપ વસાવા ,અશ્વિન વસાવા અને અમરતપુરાના અવિનાશ વસાવા ઝડપી પાડ્યા હતા.પોલીસે ચોરી થયેલ 44 પ્લેટ પૈકી 23 પ્લેટ પણ તેમની પાસેથી રિકવર કરી હતી તેમજ અન્ય પ્લેટો કોને આપી છે તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પ્લેટચોરીમાં ઝડપાયેલાં ચારેય તસ્કરોના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. અંકલેશ્વર તાલુકામાં બુલેટ ટ્રેન સહિતના પ્રોજેક્ટ ચાલી રહયાં હોવાથી બાંધકામ મટીરીયલ સહિતના સામાનની ચોરીના બનાવો વધી રહયાં છે.

**DATE: 24/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સિલિન્ડર નંગ-13 મળી કુલ 15 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વર શહેરના શાંતિનગરમાંથી વધુ એક ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર સારંગપુર રોડ ઉપર આવેલ શાંતિનગરમાં અનુરાધા કોમ્પલેક્ષમાંથી એસઓજી પોલીસે ગેરકાયદેસર રીતે ચાલતું ગેસ રિફિલિંગ કરવાનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. ટીમે એક ઈસમની ધરપકડ કરી રૂ 15 હજાર નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે



અંકલેશ્વરના રાજપીપળા રોડ ઉપર આવેલ શાંતિનગર નગરમાં અનુરાધા કોમ્પલેક્ષમાં બાબુ સિરાજ અંસારી પોતાની દુકાન માં ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગ કરી રહ્યો હોવાની માહિતી મળી હતી જે માહિતીના આધારે એસઓજી પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી ગેસના નાના-મોટા સીલીન્ડર નંગ-13 અને રીફીલીંગ પાઈપ, ઈલેક્ટ્રીક્લ વજન કાંટો મળી કુલ 15 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વેપારી બાબુ સીરાજ અન્સારીની ધરપકડ કરી તેની વિરુદ્ધ જીઆઈડીસી પોલીસ માં ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 24/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ સખી વન સ્ટોપ સેન્ટરને છેલ્લા 5 વર્ષમાં ઘરેલુ હિંસાના સૌથી વધુ 583 કેસ મળી આવ્યાં

# 273 મહિલાને આશ્રય સહિત 1,053નું કાઉન્સિલિંગ કર્યું

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

મહિલા સુરક્ષા માટે રાજ્યમાં ભરમાં સખી વન સ્ટોપ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે ભરૂચ જિલ્લામાં પણ પીડિત મહિલાઓ માટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ગાંધીનગર દ્વારા ઓગસ્ટ 2019 માં સખી વન સ્ટોપ સેન્ટર શરૂ કરવામાં આવ્યું હતું. સખી વન સ્ટોપ સેન્ટરની વર્ષ 2019 માં સ્થાપના કરવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટર ની અંદર એક જ છત નીચે જ્ઞાતિ, ધર્મ, ઉંમર, નાત-જાતના ભેદભાવ વગર હિંસાથી પીડિત મહિલાઓને સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ હિંસામાં એસિડ હુમલો, દુષ્કર્મ, જાતીય સતામણી, ઘરેલુ હિંસા હેઠળ ભોગ બનનાર મહિલાઓને કાઉન્સેલિંગ, રહેઠાણ, પોલીસ સહાય, તબીબી સહાય જેવી તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે. સ્થાપના બાદ પાચ વર્ષમાં 1,053 મહિલાઓનું કાઉન્સિલિંગ કરાયું છે. તેમજ પીડિત મહિલાઓને સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરતાં તેને હંગામી ધોરણે આશરો આપવામાં આવે છે. આમ છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ 583 ઘરેલુ હિંસાના કેસ આવ્યા હતા.



ભરૂચ ખાતે આવેલ સખી વન સ્ટોપ સેન્ટર

**પાચ વર્ષ દરમિયાન અપાયેલ સહાય**

| સેન્ટર પર અપાતી સહાય | લાભાર્થી |
|---|---|
| હંગામી ધોરણે આશ્રય | 273 |
| તબીબી સેવા | 162 |
| પોલીસ સેવા | 65 |
| કાનૂની માર્ગદર્શન | 98 |
| ઘરેલુ હિંસા | 583 |
| કુટુંબ સાથે પુનઃ સ્થાપના | 147 |
| 18 વર્ષથી નાની વય | 54 |
| કુલ | 1,382 |

**સખી વન સ્ટોપમાં એક જ સ્થળે 5 પ્રકારની સહાય**

સખી વન સ્ટોપ સેન્ટર ખાતે પીડિત મહિલાઓને 5 પ્રકારની સહાય એક જ છત નીચે જાત પાતના ભેદભાવ વગર આપવામાં આવે છે. જેમાં કાનૂની, પોલીસ, મેડિકલ અને લાંબા ગાળાનું કાઉન્સલિંગ હંગામી ધોરણે આશ્રય જેવી સુવિધા આપવામાં આવે છે. » વૈશાલી ચાવડા, સખી વન સ્ટોપ સેન્ટર

### રૂ. ૯૬ હજારથી વધુનો મુદ્દામાલ ચોરાયો હતો

# અંકલેશ્વરમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સાઈટ પરથી ચોરી કરનાર ૪ ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ મથકના ચોરીના ગુનામાં સંડોવાયેલ ચાર આરોપીને ૯૬ હજારથી વધુના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર તાલુકાના બોઈદ્રા ગામની સીમમાં અમદાવાદ-મુંબઈ નવી બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે. જે સ્થળે ગત તારીખ-૧૨મી જાન્યુઆરીથી ૧૭મી જાન્યુઆરી સુધીમાં સાઈટ ઉપરથી જી.ટી.મશીન ચલાવવા માટે લોખંડની જી.ટી.બ્રીજ પરથી પ્લેટ નંગ ૪૪ સહીત અન્ય પ્લેટો મળી કુલ ૧.૮૫ લાખના મુદ્દામાલની ચોરી કરી અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હતા ચોરી અંગે શહેર એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે અમરતપરા ગામમાં રહેતો અવિનાશ અશોક વસાવાના ઘરે ચોરીનો મુદ્દામાલ સંતાડેલ છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા અને સ્થળ પરથી ૨૩ નંગ પ્લેટ મળી કુલ ૯૬ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને અવિનાશ વસાવા,અરુણ વસાવા,સંદીપ વસાવા અને અશ્વિન વસાવાને ઝડપીપાડી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

**DATE: 25/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરના સજોદ ગામે બૂટલેગર દારૂના જથ્થા સાથે ઝડપાયો

અંકલેશ્વર તા. ૨૪

અંકલેશ્વર તાલુકાના સજોદ ગામે બુટલેગર સતીશ વસાવા પોલીસ રેઈડ દરમ્યાન દારૂના જથ્થા સાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે કુલ રૂ.૨૭૨૪ ના દારૂના જથ્થા સાથે તેની અટકાયત કરી હતી.

અંકલેશ્વર રૂરલ પોલીસ મથકના સ્ટાફને બાતમી મળી હતી કે ધસજોદ મોચી ફળીયામાં રહેતો સતિષભાઈ રમણભાઈ વસાવાનાનો સજોદ ગામે કાંટી ફળીયામા ઈંગ્લીશ દારૂ રાખી લાગ જોઈ ચોરી-છુપીથી ઈંગ્લીશ દારૂનું વેચાણ કરે છે.

તેવી બાતમીના આધારે રેઈડ કરતા તે ઈંગ્લીશ દારુની નાની ૧૮૦ મીલીની બોટલ નંગ ૧૭ તથા બીયરના ટીન નંગ ૨ રૂ.૨૭૨૪ના મુદામાલ સાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 25/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### કુલ રૂ 10 હજારનો મુદ્દામાલ જપ્ત

# રાજપારડી ગામે જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા

ભાસ્કર ન્યુઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામે સટ્ટા બેટિંગના આંક ફરકના આંકડાનો જુગાર રમતા ચાર ઈસમોને પોલીસે રૂપિયા10 હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

ઉચ્ચ અધિકારીઓ તરફથી જિલ્લામાં દારૂ જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા જિલ્લાના પોલીસ વિભાગને સુચના આપવામાં આવેલ,તેના અનુસંધાને રાજપારડી પીઆઈ એચ.બી.ગોહિલના માર્ગદર્શન હેઠળ રાજપારડી પોલીસ સ્ટાફની ટીમે મળેલ બાતમીના આધારે રાજપારડી ગામે ખાડી નજીકથી સટ્ટા બેટિંગનો આંક ફરકનો આંકડાનો જુગાર રમતા ચાર ઈસમો રૂપસંગ વસાવા, મહેન્દ્ર વસાવા, લક્કડ વસાવા તેમજ હરીસાવાને મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

**DATE: 26/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સુરત તરફથી દારૂ વડોદરા લઇ જતો હતો

# અંકલેશ્વરમાં 6 મહિનાથી વોન્ટેડ ડભોઈ ગામનો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે 6 મહિના થી વોન્ટેડ ડભોઈ નો બુટલેગર ઝડપી પાડ્યો હતો. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે ડભોઈના લિંગસથળી ગામેથી આરોપીની કરી ધરપકડ હતી. સુરત તરફ થી દારૂ વડોદરા ઠલવાતો હતો એ પૂર્વે પોલીસે ઝડપી પાડ્યો હતો.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વર શહેરના બી ડિવિઝન પોલીસ મથકના પ્રોહિબિશનના કેસમાં છેલ્લા 6 માસથી ફરાર આરોપીની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એ. તુવેરની ટીમને બાતમી મળી હતી કે આરોપી રવિદાર ઉર્ફે લાલો વસાવા વડોદરા જિલ્લાના ડભોઈ વિસ્તારમાં હોવાનું જાણવા મળ્યું હતું. આ માહિતીના આધારે પોલીસ ટીમે ડભોઈ તાલુકાના લિંગસ્થળી ગામે દરોડો પાડ્યો હતો, જ્યાંથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

**DATE: 26/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને સફળતા મળી

# રાજપારડી પો.સ્ટે.નો પોક્સોના ગુનામાં સવા વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

## સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો

। ઝઘડિયા ।

રાજપારડી પોલીસ મથકના પોક્સોના ગુનામાં સવા વર્ષથી નાસતા ફરતા આરોપીને ભોગ બનનાર સગીરા સાથે ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી લીધો હતો.

જિલ્લાના વિવિધ પોલીસ મથકોમાં નંધાયેલ ગુનાઓ હેઠળ નાસતા ફરતા, વોન્ટેડ તેમજ પેરોલ જમ્પના આરોપીઓને ઝડપી લેવા અસરકારક કામગીરી કરવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા જિલ્લાના પોલીસ વિભાગને સુચના આપવામાં આવેલ,તેના અનુસંધાને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એ.તુવર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન રાજપારડી પોલીસ મથકમાં નોંધાયેલા પોકસોના ગુનામાં છેલ્લા સવા વર્ષથી નાસતો ફરતો આરોપી દશરથ જયરામ વસાવા સગીરા સાથે વેલંજા ગામની સીમમાં એક ફાર્મમાં રહીને મજુરી કરે છે,અને હાલમાં તે સગીરા સાથે ત્યાં હાજર છે.

એલસીબી ની ટીમે મળેલ બાતમી મુજબના સ્થળે જઈને છેલ્લા સવા વર્ષથી નાસતા ફરતા આરોપી દશરથ વસાવાને ભોગ બનનાર સગીરા સાથે સુરત વેલંજા ખાતેના ફાર્મ હાઉસ પરથી પકડી લઈને કાયદેસર કાર્યવાહી કરી છે.

**DATE: 26/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 7 ગેસ સિલિન્ડર અને ગેસ રિફિલિંગ પાઈપ સહિતનો સામાન જપ્ત કર્યો

# અંકલેશ્વરમાં સંજાલીના વાસણ ભંડારમાં ચાલતા ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર એસઓજી એ સંજાલી ની વાસણ ભંડાર ની દુકાન માં ચાલતા ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું હતું. સાનિધ્ય કોમ્પલેક્ષ માં ભેરુનાથ વાસણ ભંડાર ની દુકાન અન્ય ના જીવ જોખમ માં મૂકી ગેસ રિફિલિંગ કરવામાં આવતું હતું. 7 ગેસ સિલિન્ડર અને ગેસ રિફિલિંગ પાઈપ તેમજ વજન કાંટો મળી કુલ 9 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ એસ.ઓ.જી ના પી.આઈ.એ.એ.ચૌધરી અને એ.એચ.છૈયા દ્વારા એસ.ઓ.જી. ટીમ ને એ.ટી.એસ. ચાર્ટર મુજબની કામગીરી માટે સુચના આપતા સ્ટાફ પાનોલી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે સંજાલી ગામના મહારાજા નગર સ્થિત સાનિધ્ય કોમ્પલેક્ષમાં ભેરૂનાથ વાસણ ભંડાર નામની દુકાનમાં સાગર ખટીલ નામનો ઈસમ દુકાન મા ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગ કરે છે. જે માહિતી આધારે ભરૂચ એસ.ઓ.જીએ ભેરૂનાથ વાસણ ભંડાર દુકાનની આડમાં ગેરકાયદેસર રીતે ચાલતું ગેસ બોટલ રિફિલિંગ કૌભાંડ ઝડપી પાડ્યું હતું. પોલીસે સ્થળ પરથી 7 ગેસ સિલિન્ડર અને ગેસ રીફીલીંગ પાઈપ તેમજ વજન કાંટો મળી કુલ 9 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને કાપોદ્રા ગામની અયોધ્યમપુરમ સોસાયટીમાં રહેતો સાગર શાંતિલાલ ખટીલ ને ઝડપી પાડ્યો હતો. અને પાનોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી પાનોલી પોલીસના હવાલે કર્યો હતો.